પાનાં : ૧૬ કિંમત : રૂા. ૪-૦૦ ** તા. ૨ ઓગસ્ટ ૨૦૨૧ સોમવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૭૭ શકે ૧૯૪૩ અષાઢ વદ - ૯ વર્ષ: ૯૩, અંક : ૨૧૦ ▶ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2018-2020 Valid upto 31 Dec., 2020 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

વાંચન વિશેષ

બિઝનેસ plus

ઓલિમ્પિકમાં ભારત માટે સુપર સન્ડે : સિદ્ધિ અને આશા જગાવતો દિવસ

સિંધુને બેડમિંટનમાં બ્રોન્ઝ : હોકી ટીમ ૪૯ વર્ષે સેમિફાઇનલમાં

ટોક્યો, તા. ૧

ભારત માટે ઓલિમ્પિકનો આજનો દિવસ સુખદ રહ્યો હતો. પી.વી. સિંધુએ ચીનની હી બીંગ જીઆઓને ૨૧-૧૩, ૨૧-૧૫થી હરાવીને મહિલા બેડમિંટનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે ભારતની મેન્સ હોકી ટીમે ૪૯ વર્ષ પછી ઓલિમ્પિકની સેમિફાઇનલમાં પ્રવેશતા ગ્રેટ બ્રિટનને ૩-૧ ગોલથી હરાવ્યું હતું. ભારત ૨૦૧૬ની રીયો ઓલિમ્પિકમાં આઠમા ક્રમે રહી ક્વાર્ટર ફાઇનલમાં હાર્યું હતું.

પી.વી. સિંધુ બે ઓલિમ્પિક મેડલ જીતનારી સુશીલ કુમાર પછી ભારતની બીજી ખેલાડી બની

પી.વી. સિંધુ સુશીલ કુમાર પછી બીજી ભારતીય ખેલાડી છે જેણે ઓલિમ્પિકના બે મેડલ જીત્યા હોય. સુશીલ કુમારે બેઇજિંગ ઓલિમ્પિકમાં ૨૦૦૮માં બ્રોન્ઝ અને ૨૦૧૨માં લંડન ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ કુસ્તીમાં જીત્યા હતા. પી.વી. સિંધુએ ૨૦૧૬માં રીયો ઓલિમ્પિકમાં સિલ્વર અને આજે બ્રોન્ઝ મેડલ જીતી બતાવ્યો છે. પી.વી. સિંધુ ભારતની પ્રથમ મહિલા ખેલાડી કહી શકાય જેણે બે મેડલ તેની અત્યાર સુધીની કારકિર્દીમાં જીત્યા છે.

વેઇટલિફ્ટીંગના ૪૯ કિ.ગ્રા. વર્ગમાં મીરાબાઇ ચાનુએ સિલ્વર મેડલ આ વખતે જીત્યો હોઇ ભારતે આ ઓલિમ્પિકમાં હજુ સુધી એક સિલ્વર અને એક બ્રોન્ઝ જીત્યા છે.

પી.વી. સિંધુ ગઇકાલે સેમિફાઇનલમાં વર્લ્ડ નંબર વન ત્ઝુ યિંગ

(અનુસંધાન ૧૧મે પાને)

મેન્સ હોકીમાં ભારતે ગ્રેટ બ્રિટનને ૩-૧થી હરાવ્યું : હવે કાલે બેલ્જીયમ સામે સેમિફાઇનલ

૧૯૮૦માં ગોલ્ડ જીત્યો હતો પણ સેમિફાઇનલ ફોરમેટ ન હતું

છેલ્લે ભારત ૧૯૭૨માં ઓલિમ્પિક હોકીની સેમિફાઇનલમાં પ્રવેશ્યું હતું

ટોક્યો, તા. ૧

મ્યુનિચની ૧૯૭૨ની ઓલિમ્પિકમાં છેલ્લે ભારત ઓલિમ્પિક હોકીની સેમિફાઇનલમાં પહોંચ્યું હતું અને તેઓનો પરાજય થયો હતો. તે પછી ૧૯૭૬ની મોન્ટ્રીઅલ ઓલિમ્પિકમાં ભારત સાતમા ક્રમે રહ્યું

(અનુસંધાન ૧૧મે પાને)

૧૯૮૦માં વિશ્વની નવ ટીમોએ મોસ્કો ઓલિમ્પિક હોકીનો બહિષ્કાર કર્યો હતો

ભારતની પી.વી. સિંધુએ ચીનની હી બીંગજીઆઓને ૨૧-૧૩, ૨૧-૧૫થી પરાજય આપી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. બે ઓલિમ્પિક મેડલ જીતનારી સિંધુ ભારતની પ્રથમ મહિલા ખેલાડી બની હતી. ભારતને માટે વધુ એક મેડલની આશા જગાવતા પુરૂષ વિભાગની હોકી ટીમે ગ્રેટ બ્રિટનને ૩-૧થી હરાવી ૪૯ વર્ષ બાદ સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

બ્રાઝિલમાં એક દિવસમાં વધુ ૯૧૦, રશિયામાં ૭૮૯નાં મોત

દુનિયામાં કોરોનાનો વધતો પ્રકોપ, યુએસમાં ફ્લોરિડા નવું હોટ સ્પોટ

(પીટીઆઈ) વોશિંગ્ટન/મોસ્કો, તા.૧

કોરોનાનો ડેલ્ટા વેરિઆન્ટ દુનિયા પર અજગર ભરડો લઈ રહ્યો છે ત્યારે અનેક દેશોમાં કોરોનાના કેસ તિવ્ર ગતિએ વધી રહ્યા છે. અમેરિકામાં સતત બે દિવસથી કોરોનાના નવા એક લાખ જેટલા કેસ નોંધાયા છે. કોરોનાના કેસ ૫૦ ટકા વધતા ફ્લોરિડા નવું હોટ સ્પોટ બન્યું છે અને ત્યાં સ્થિતિ બેકાબૂ બની છે. ચીનમાં પણ રાજધાની બેઇજિંગ સહિત ૧૮ પ્રાંતમાં કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટના કેસ નોંધાતા જિનપિંગ તંત્ર સાબદું થઈ ગયું છે. બીજીબાજુ કોરોનાના કારણે છેલ્લા ૨૪ કલાકમાં બ્રાઝિલમાં વધુ ૯૧૦ જ્યારે રશિયામાં ૭૮૯ લોકોનાં મોત નીપજ્યાં છે. પાકિસ્તાનમાં ૫,૦૦૦ જ્યારે દક્ષિણ કોરિયામાં ૧,૪૪૨ નવા કેસ નોંધાયા છે.

ફ્લોરિડામાં નવા ૨૧,૦૦૦ કેસ, પાક.માં નવા ૫,૦૦૦ કેસ, ચીનમાં ડેલ્ટા વેરિઅન્ટના ૩૦૦ કેસને પગલે નિયંત્રણો લદાયા

ડેલ્ટા વેરિઅન્ટના કારણે કોરોનાના કેસ વધતા દુનિયાભરમાં કુલ કેસનાં આંક ૧૯.૮૭ કરોડને પાર થઈ ગયો છે જ્યારે કુલ મૃત્યુઆંક ૪૨.૩૭ લાખને પાર થઈ ગયા છે. વિશ્વભરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨.૬૧ લાખથી વધુ કેસ નોંધાયા છે જ્યારે પાંચ હજારથી વધુનાં મોત થયા છે. વિશ્વભરમાં કોરોનાના એક્ટિવ કેસ ૧.૫૦ કરોડને પાર થઈ ગયા છેતેમ વર્લ્ડઓમીટર વેબસાઈટ પર જણાવાયું હતું. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપી હતી કે કોરોનાના વધતા કેસના પગલે ૨૯ દેશોમાં ઓક્સિજનની અછત સર્જાઈ છે જ્યારે અનેક દેશોમાં ફ્રન્ટલાઈન વર્કર્સ પાસે પર્યાપ્ત ઈક્વિપમેન્ટ પણ નથી.

અમેરિકામાં છેલ્લા બે-ત્રણ દિવસથી કોરોનાના નવા કેસ એક લાખથી વધુ નોંધાઈ રહ્યા છે. ફ્લોરિડામાં કોરોનાના નવા વિક્રમી ૨૧,૦૦૦ કેસ નોંધાયા હતા. અમેરિકાના બધા જ નવા કેસમાં પાંચમા ભાગના કેસ ફ્લોરિડામાં જોવા મળ્યા છે. અમેરિકન સ્વાસ્થ્ય વિભાગ મુજબ એક સપ્તાહમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં

(અનુસંધાન ૧૧મે પાને)

કોરોનાના કેસ વધતા ૨૯ દેશોમાં ઓક્સિજનની અછત : વિશ્વમાં કુલ કેસ ૨૦ કરોડની નજીક, મૃત્યુઆંક ૪૨.૩૭ લાખથી વધુ

જુલાઈ ૨૦૨૦ની સરખામણીમાં કેન્દ્રની જીએસટીની આવક ૩૩ ટકા વધી

અર્થતંત્રમાં રિકવરીના સંકેત : જુલાઈમાં જીએસટી કલેક્શન વધી રૂ. ૧.૧૬ લાખ કરોડ

નવી દિલ્હી,તા.૧

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કલેક્શન જુલાઈમાં ૩૩ ટકા વધીને ૧.૧૬ લાખ કરોડ રુપિયા પર પહોંચી ગયું છે. નાણા મંત્રાલયે રવિવારે આ જાણકારી આપી હતી. જુલાઈમાં જીએસટીના આંકડા પરથી લાગે છે કે અર્થતંત્રમાં નવસંચાર થયો છે.

જુલાઈ ૨૦૨૦માં જીએસટી આવક ૮૭,૪૨૨ કરોડ રુપિયા હતી. ગયા મહિને એટલે કે જુનમાં જીએસટી કલેક્શન એક લાખ કરોડ રુપિયાથી ઓછું એટલે કે ૯૨,૮૪૯ કરોડ રુપિયા રહ્યું હતું. જો કે સૌથી ઊંચું જીએસટી કલેક્શન એપ્રિલ મહિનામાં સૌથી વધુ ૧,૪૧,૦૦૦ કરોડ નોંધાયું હતું. તેના પછી મેમાં તે ઘટીને ૧.૦૨ લાખ કરોડ થયું હતું અને જુનમાં એક લાખ કરોડની અંદર ઉતરીને ૯૨,૮૪૯ કરોડ થયું હતું. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આગામી મહિનાઓમાં પણ જીએસટી આવકમાં મજબૂત વૃદ્ધિ જારી રહેશે.

(અનુસંધાન ૧૩મે પાને)

જૂનમાં જીએસટી આવક છેલ્લા આઠ મહિનાની સૌથી ઓછી ૯૨,૮૪૯ કરોડ થઈ હતી

દિલ્હીની વાત

રાવત, યેદુરપ્પા પછી હવે ‘મામા’નો વારો

નવીદિલ્હી, તા.૧

અમિત શાહે શિવરાજસિંહ ચૌહાણને બે દિવસમાં બીજી વાર દિલ્હી બોલાવતાં ઉત્તરાખંડ અને કર્ણાટક પછી હવે મધ્ય પ્રદેશમાં પણ ભાજપ નેતૃત્વ પરિવર્તનના મૂડમાં હોવાની ચર્ચા શરૂ થઈ છે. શિવરાજને બે દિવસમાં બે વાર દિલ્હી તેડાવાતાં મોદી મધ્ય પ્રદેશમાં ‘મામા’ શિવરાજને હટાવીને પ્રહલાદ પટેલને બેસાડવાના મૂડમાં હોવાનું કહેવાય છે.

શુક્રવારે શાહે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ પટેલ સાથે ચર્ચા પછી શનિવારે શિવરાજને તાત્કાલિક દિલ્હી બોલાવ્યા હતા. બંને વચ્ચે એકાદ કલાક સુધી ચાલેલી ચર્ચા પછી શિવરાજે સૌજન્ય મુલાકાત ગણાવીને તમામ અટકળોને રદિયો આપ્યો હતો.

શિવરાજ શનિવારે સાંજે જ ભોપાલ જવા નિકળી ગયા હતા પણ શાહનો સંદેશો આવતાં રવિવારે પાછા દોડતા દિલ્હી આવવું પડ્યું. સ્વાભાવિક રીતે શાહ બે દિવસમાં બે વાર શિવરાજને સૌજન્ય મુલાકાત માટે બોલાવે એટલી ગાઢ મિત્રતા બંને વચ્ચે નથી જ તેથી અટકળોનું બજાર ગરમ છે. શિવરાજ કેમ્પ મંત્રીમંડળ વિસ્તરણ મુદ્દે ચર્ચા માટે બોલાવાયાનો દાવો કરે છે પણ ભાજપનાં સૂત્રોનું કહેવું છે કે, ‘મામા’ના દિવસો ભરાઈ ગયા છે.

શાહે મોદીના દબાણથી યોગીને વખાણવા પડ્યા

રવિવારે ઉત્તર પ્રદેશમાં ફોરેન્સિક સાયન્સ યુનિર્સિટીના શિલાન્યાસ માટે ગયેલા અમિત શાહે યોગી આદિત્યનાથનાં ભરપૂર વખાણ કરીને

(અનુસંધાન ૧૩મે પાને)

અફઘાનિસ્તાનમાં ગૃહયુદ્ધ : તાલિબાનોનો કંદહાર એપોર્ટ પર રોકેટ હુમલો

અફઘાનિસ્તાનમાં સેનાની એરસ્ટ્રાઈક : ૨૫૪ તાલિબાનોનાં મોત, ૧૦૦થી વધુ ઘાયલ

કાબુલ, તા.૧

અફઘાનિસ્તાનમાં અમેરિકા સહિત પશ્ચિમી દેશોએ પોતાના સૈન્ય પાછા ખેંચવાની જાહેરાત કર્યા પછી ગૃહયુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. તાલિબાનોએ અફઘાનિસ્તાનના મોટાભાગના ગ્રામીણ વિસ્તારો પર કબજો કર્યો છે એવામાં કંદહાર શહેર પર કબજો જમાવવા માટે તાલિબાનોએ કંદહાર એરપોર્ટ પર રોકેટ હુમલો કર્યો હતો. આ હુમલા પછી એરપોર્ટ પરથી બધી જ ફ્લાઈટ્સ રદ કરી દેવાઈ છે. બીજીબાજુ અફઘાનિસ્તાનની એરફોર્સની તાલિબાનોના અનેક સ્થળો પર એરસ્ટ્રાઈકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૪થી વધુ આતંકીઓનાં મોત નીપજ્યાં હોવાનો અફઘાન સરકારે દાવો કર્યો છે.

કાબુલ, કંદહાર, હેરાત, હેલમંદ અને ગઝની સહિતના ૧૩ સ્થળો પર એરસ્ટ્રાઈક : કંદહારમાં તાલિબાનોના બંકરો પર હુમલા

અફઘાનિસ્તાનમાં અફઘાન સુરક્ષા દળો અને તાલિબાન વચ્ચે ચાલી રહેલા જંગમાં અફઘાન એરફોર્સે મોટી કાર્યવાહી કરી છે. અલગ અલગ વિસ્તારોમાં એરફોર્સના હવાઈ હુમલામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૪થી વધુ તાલિબાની આતંકીઓ મોતને ભેટ્યા છે અને ૧૦૦ આતંકીઓ ઘાયલ હોવાનુ જણાવાઈ રહ્યું છે. અફઘાન એરફોર્સે કાબુલ, કંદહાર, હેરાત, હેલમંદ અને ગજની સહિતના ૧૩ સ્થળોએ એર સ્ટ્રાઈક કરી હતી.

અફઘાન સૈન્યની તાલિબાની આતંકીઓ પરની અત્યાર સુધીની આ સૌથી મોટી કાર્યવાહી છે. આવા એક

(અનુસંધાન ૧૩મે પાને)

બેધડક -મંજુલ

અત્યારની કથળેલી આર્થિક સ્થિતિ માટે નહેરુને દોષ દેવાથી કંઈ વળે તેમ નથી. મને લાગે છે કે આપણે મુઘલો પર જ બધું ઢોળી દેવું જોઈએ !

કૈલાસ જીવન
મલ્ટિપર્પઝ આયુર્વેદિક ક્રિમ
। પગના વાઢિયા । ખીલ ।
। હાથ પગ અને આંખોની બળતરા ।
। ફિશર । ઘા-ચીરા । દાઝવું ।
પર અસરકારક.
Available in all medical stores 20g Tube, 30g, 60g, 120g, 230g Bottle
KAILAS JEEVAN
Also available on amazon | netmeds.com India Ki Pharmacy
Manufacturer: ASUM, Pune. 020-24486865 I Customer Care: Pankaj: 84848 22071
asumkj@gmail.com I www.asum.com